


# વર્ષ 2026ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા સંબંધિત તમારી માર્ગદર્શિકા

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

vote.nz

E231 Gujarati A4 08/26

## 2026માં શેની અપેક્ષા રાખવી અને કેવી રીતે મતદાન કરવું

### તમારી નોંધણી થઈ હોવાનું અને તમારી વિગતો અપ ટુ ડેટ હોવાનું સુનિશ્ચિત કરો.

2026ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા માટે, **રવિવાર 25 ઑક્ટોબર, મધ્યરાત્રિ** સુધીમાં તમારી નોંધણી થઈ જવી જરૂરી છે. સોમવાર, 26 ઑક્ટોબરના રોજ મતદાન શરૂ થઈ જાય તે પછી તમે નોંધણી કે તમારી વિગતો અપડેટ નહીં કરાવી શકો.

જો તમે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના હો, ન્યુઝીલેન્ડના નાગરિક હો અથવા ચૂંટણીના હેતુસરના નિવાસી હો તેમજ તમે તમારા જીવન દરમિયાન અમુક સમયે સતત 12 મહિના કે તેથી વધુ સમય સુધી ન્યુઝીલેન્ડમાં રહ્યાં હો તો તમારે નોંધણી કરાવવી આવશ્યક છે.

જો તમે ન્યુઝીલેન્ડમાં કાયદેસર રીતે રહેતા હો અને તમારે ચોક્કસ સમયની અંદર જવાની જરૂર ન હોય તો તમે ચૂંટણીના હેતુસરના નિવાસી છો.

### તમારી વિગતોની ઑનલાઈન નોંધણી કરો, તેને તપાસો અથવા તેને અપડેટ કરો

**નોંધણી એટલે એવું નહીં કે તમે એક જ વાર કરો. તમારે તમારી નોંધણી અપ ટુ ડેટ રાખવું જરૂરી છે, જેથી તમે મતદાન કરવા સજ્જ હો.**

તમારા ન્યુઝીલેન્ડના ડ્રાઈવર લાઈસન્સ, ન્યુઝીલેન્ડના પાસપોર્ટ અથવા RealMe દ્વારા ચકાસવામાં આવેલી ઓળખનો ઉપયોગ કરીને **vote.nz** પર તમારી વિગતોની નોંધણી કરાવવી, તપાસ કરાવવી અથવા અપડેટ કરાવવી સરળ છે.

તમે આ પણ કરી શકો:

- નોંધણી ફોર્મ માંગવા માટે **0800 36 76 56** પર કૉલ કરવો, અથવા
- ટપાલમાં નોંધણી ફોર્મ મોકલવામાં આવે તે માટે **3676** પર તમારા નામ અને સરનામા સાથેનો નિઃશુલ્ક ટેક્સ્ટ મેસેજ મોકલવો.

### તમારું EasyVote કાર્ડ

તમે રવિવાર, 4 ઑક્ટોબર સુધીમાં નોંધણી કરાવશો, તો તમને EasyVote કાર્ડ મોકલવામાં આવશે.

તમે અમને તમારું ઈમેલ સરનામું આપ્યું હશે, તો તમને તમારું EasyVote કાર્ડ ઈમેલ દ્વારા મળશે.

અમારી પાસે તમારું ટપાલનું સરનામું જ હશે, તો તમને તે ટપાલમાં મળશે.

તમે પ્રકાશિત ન થયેલી નામાવલિ પર હો, તો તમને ટપાલમાં એક મતદાન સ્લિપ મોકલવામાં આવશે.

તમારા EasyVote કાર્ડ થકી મતદાન ઝડપી અને સરળ બને છે.

તમે તેના વિના પણ મત આપી શકો છો. પરંતુ મતદાન સ્થળે થોડી વધુ વાર લાગે તેમ બને.

તમે રવિવાર, 4 ઑક્ટોબર પછી પરંતુ રવિવાર, 25 ઑક્ટોબરની મધ્યરાત્રિ પહેલાં નોંધણી કરાવશો, તો તમને EasyVote કાર્ડ નહીં મળે.

### ક્યારે અને ક્યાં મત આપવો

તમારે મત આપવા માટે ચૂંટણીના દિવસ સુધી રાહ જોવાની જરૂર નથી.

**મતદાન ખુલે છે: સોમવાર, 26 ઑક્ટોબર**
**મતદાન બંધ થાય છે: શનિવાર, 7 નવેમ્બર, ચૂંટણીના દિવસે સાંજે 7 વાગ્યે**

મતદાન સ્થળો સોમવાર, 26 ઑક્ટોબરથી શનિવાર, 7 નવેમ્બર સુધી ખુલ્લા રહેશે.

તમે **vote.nz** પર અથવા **0800 36 76 56**ને કૉલ કરીને મતદાન સ્થળોની, તેમના ખુલ્લા રહેવાના દિવસો અને સમય સહિતની માહિતી મેળવી શકો છો.

ચૂંટણીનો દિવસ, શનિવાર, 7 ઑક્ટોબરના રોજ, મતદાનના તમામ સ્થળો સવારે 9 થી સાંજના 7 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

### વધુ માહિતી જોઈએ છે?

- Vote.nz ની **મુલાકાત લો**
- 0800 36 76 56 પર કૉલ કરો

નોંધણી અને મતદાન વિશેની માહિતી અન્ય ભાષાઓ અને વૈકલ્પિક ફોર્મેટમાં vote.nz પર પણ ઉપલબ્ધ છે

આ માહિતી તમારા પરિવારજનો અને મિત્રો સાથે શેર કરી તેમને મતદાન કરવા સજ્જ થવામાં મદદ કરો.

# મતદાન કરવાની રીત

## 1 તમારું EasyVote કાર્ડ સાથે લાવો




તમારું EasyVote કાર્ડ અથવા મતદાન સ્લિપ સાથે લાવો કારણ કે તેનાથી ઝડપી મતદાન થશે.

તમને તમારું EasyVote કાર્ડ ઈમેલમાં મળ્યું હોય, તો તમે તમારું ઉપકરણ સાથે લાવી અમને તમારું કાર્ડ સ્ક્રીન પર બતાવી શકો છો.

તમારી ઈચ્છા હોય, તો મતદાન સ્થળે જતા પહેલાં તમે તમારા કાર્ડને ડાઉનલોડ કરી શકો, તેની પ્રિન્ટ કાઢી શકો કે તેનો સ્ક્રીનશોટ લઈ શકો.

તમારા EasyVote કાર્ડ પર તમારી વિગતો હોય છે અને માત્ર તમે જ તેનો ઉપયોગ કરી શકો.

તમે મત આપવા જાઓ ત્યારે તમારી પાસે તમારું EasyVote કાર્ડ ન હોય તો પણ તમે મતદાન કરી શકો છો.

## 2 મતદાનના સ્થળ પર તમને મદદ કરવા માટે કોઈ વ્યક્તિ હાજર હશે

તમારા મતદાનના સ્થળ પર રહેલાં ચૂંટણીના કાર્યકર્તાઓ તમને શું કરવું અને ક્યાં જવું તે બતાવશે.

## 3 સામાન્ય ચૂંટણીમાં મતદાન કરો

એક સામાન્ય ચૂંટણીમાં, તમને બે મત મળે છે - એક પક્ષનો મત અને એક મતદારનો મત.

### તમારો પક્ષનો મત

તમારો પક્ષનો મત તમે જે રાજકીય પક્ષને ટેકો આપતા હો તેના માટેનો મત છે.

આ મત મોટા ભાગે દરેક રાજકીય પક્ષને સંસદમાં મળતી કુલ બેઠકોની સંખ્યા નક્કી કરે છે. જે પક્ષને પક્ષના મતનો મોટો હિસ્સો મળ્યો હોય તે પક્ષને સસદમાં વધુ બેઠકો મળશે.

તમે સામાન્ય મતદાર યાદીમાં હોવ કે માઓરી મતદાર યાદીમાં હો, તમે એ રાજકીય પક્ષોની સમાન યાદીમાંથી પસંદ કરી શકો છો.

તમારા મતદાન પત્ર પર, તમારી પસંદગીના રાજકીય પક્ષના નામની બાજુમાં એક ટીક કરો.

### તમારો મતદારનો મત

તમારો મતદારનો મત તમે જે વિસ્તારમાં રહો છો તેના માટે તમે જેને સંસદના સભ્ય (MP) બનાવવા માંગતા હો તે ઉમેદવારને પસંદ કરવા માટે છે.

જો તમે માઓરી મતદાર યાદી પર હો, તો તમે માઓરી મતદારો માટે ચૂંટણી લડતાં ઉમેદવારને મત આપશો.

જો તમે સામાન્ય મતદાર યાદી પર છો, તો તમે સામાન્ય મતદાર માટે ચૂંટણી લડતાં ઉમેદવારને મત આપશો.

તમારા મતદાન પત્ર પર, તમે જે ઉમેદવારને તમારા સ્થાનિક વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે સૌથી વધુ ઈચ્છતા હો તેના નામની બાજુમાં ટિક કરો. સૌથી વધુ મત મેળવનાર ઉમેદવાર તમારા ચૂંટાયેલા MP બનશે.




## 4 આપેલી મતપેટીમાં તમારું મતદાન પત્ર મૂકો

અને બસ આટલું જ - તમે મત આપી દીધો છે!

## કોઈ મતદાન સ્થળ પર પહોંચી શકતાં નથી?

તમે બિમારી, ઉંમર અથવા વિકલાંગતાને કારણે કોઈ મતદાન સ્થળ પર પહોંચી ન શકતા હો, તો તમે મતદાન કરવા માટે મદદ મેળવી શકો છો.

તમે કેર હોમમાં હો, તો તમારા સ્થાનિક ચૂંટણી મેનેજર મતદાન સેવાઓની વ્યવસ્થા કરવા માટે તમારા કેર હોમનો સંપર્ક કરશે.

તમે હોસ્પિટલમાં હો તેને કારણે મતદાનના સ્થળે પહોંચી ન શકતા હો, તો કોઈ મિત્ર કે પરિવારજન સોમવાર, 26 ઑક્ટોબરથી તમને મતદાન પત્રો લાવી આપી શકે છે.

તમારા વિકલ્પો વિશે વાત કરવા માટે **0800 36 76 56** પર કૉલ કરો અથવા **vote.nz** પરથી વધુ જાણકારી મેળવો.

## વિદેશથી મતદાન

સોમવાર, 26 ઑક્ટોબરના રોજ મતદાન શરૂ થાય ત્યારે તમે આઓટિરોઆ, ન્યુઝીલેન્ડમાં હો, તો તમે નીકળો તે પહેલાં મતદાન કરી લેવું સરળ રહે.

જો તમે વિદેશથી મતદાન કરી રહ્યાં હો, તો તમારે રવિવાર, 25 ઑક્ટોબરની મધ્યરાત્રિ (ન્યુઝીલેન્ડ સમય) સુધીમાં નોંધણી કરાવી લેવાની રહેશે. તમે **vote.nz** પર તમારી વિગતોની નોંધણી કરાવી શકો છો અથવા તેને અપડેટ કરી શકો છો

તમે બુધવાર, 21 ઑક્ટોબરથી શનિવાર, 7 નવેમ્બર સાંજે 7 વાગ્યા (ન્યુઝીલેન્ડ સમય) સુધી વિદેશથી મત આપી શકો છો.

વિદેશથી મતદાન કરવાનો સૌથી સહેલો અને ઝડપી રસ્તો એ છે કે તમારાં મતદાન પત્રો ડાઉનલોડ કરીને તેને પૂર્ણ કરો અને પછી તેને **vote.nz** પર અપલોડ કરો

તમે વિદેશના મતદાન સ્થળે રૂબરૂમાં પણ મત આપી શકશો. વિદેશના મતદાન સ્થળોની યાદી **vote.nz** પર ઉપલબ્ધ રહેશે

આ વિકલ્પો તમને કામ ન લાગે, તો મદદ માટે **overseas@vote.nz** પર ઈમેલ મોકલવા અથવા **+64 9 909 4182** (આંતરરાષ્ટ્રીય કૉલ દરો લાગુ થઈ શકે) પર કૉલ કરવા વિનંતી.

## તમારા મતદાન પત્રોને વાંચવા માટે કે તેને અંકિત કરવા માટે મદદની જરૂર છે?

કોઈ મિત્ર, પરિવારજન કે મતદાન સ્થળે કામ કરતી કોઈ વ્યક્તિ તમને તમારા મતદાન પત્રોને વાંચવા કે તેને અંકિત કરવામાં મદદ કરી શકે. એ વ્યક્તિ:

- તમારી સાથે મતદાન કરવા માટેના પડદાની પાછળ જઈ શકે છે
- મતદાન પત્ર પરના શબ્દો અને માહિતીને વાંચી સંભળાવી શકે છે
- જો તમે કહો તો તમને મતદાન પત્ર અંકિત કરી આપી શકે છે.

તમારે કોને મત આપવો જોઈએ તે તેઓ તમને ન જણાવી શકે.

તમે અંધ હો, આંશિક રીતે અંધ હો અથવા કોઈ શારીરિક વિકલાંગતા ધરાવતા હો તો તેનો અર્થ એ થાય છે કે તમે મદદ વિના તમારા મતદાન પત્રને અંકિત કરી શકતાં નથી, તો તમે ટેલિફોન ડિક્ટેશન સેવાનો ઉપયોગ કરીને મત આપી શકો છો.

તમારે આ સેવાનો ઉપયોગ કરવા માટે નોંધણી કરાવવી આવશ્યક છે. તમે **5 ઑક્ટોબરથી 0800 028 028** પર કૉલ કરીને અને નોંધણી કરાવવા માટે વિકલ્પ 1 પસંદ કરીને અથવા **dictation@vote.nz** પર ઈમેલ મોકલીને નોંધણી કરાવી શકો છો.

આ સેવા વિશે વધુ માહિતી મેળવવા માટે **vote.nz** ની મુલાકાત લો.

